ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૪૬.૦° સે.	૨૬.૦° સે.
બારડોલી	૪૩.૦° સે.	૨૫.૦° સે.
ભરૂચ	૪૮.૦° સે.	૨૭.૦° સે.
વ્યારા	૪૩.૦° સે.	૨૫.૦° સે.

ચૂંટણી: આજે કોનું મંગળ થશે? ફેંસલો

બારડોલી તાલુકા પંચાયતની 20 બેઠક, જિલ્લા પંચાયતની 5 બેઠક અને નગરપાલિકાની 34 બેઠકનું આજે પરિણામ જાહેર થશે

બારડોલી: બારડોલી તાલુકાની તાલુકા પંચાયતની 20 બેઠક, જિલ્લા પંચાયતની 5 બેઠક અને નગરપાલિકાની 34 બેઠક પર રવિવારના રોજ યોજાયેલી ચૂંટણીનું મંગળવારના રોજ પરિણામ જાહેર થશે. બારડોલીમાં જિલ્લા અને તાલુકા પંચાયતની મતગણતરી કન્યા વિદ્યાલય અસ્તાન ખાતે અને નગરપાલિકાની મતગણતરી બી.એ.બી.એસ. હાઈસ્કૂલ ખાતે યોજાશે. સવારે નવ વાગ્યાથી પોસ્ટલ બેલેટથી મતગણતરીનો પ્રારંભ થશે.

રાજ્ય સહિત સુરત જિલ્લાની બારડોલી નગરપાલિકાની 9 વોર્ડની 36 બેઠક પૈકી બે બેઠકો બિનહરીફ થતાં 34 બેઠક અને તાલુકા પંચાયતની 22 પૈકી 20 બેઠક અને જિલ્લા પંચાયતની 5 બેઠક માટે રવિવારના રોજ મતદાન થયું હતું. જેમાં બારડોલી નગરપાલિકાના કુલ 79 ઉમેદવાર, તાલુકા પંચાયતના 58 ઉમેદવાર અને જિલ્લા પંચાયતના 14 ઉમેદવારનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું હતું. મતદાન બાદ તમામ ઈવીએમ મશીનો સીલ કરી સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવ્યાં છે. બારડોલીમાં બનાવવામાં બી.એ.બી.એસ. હાઈસ્કૂલ ખાતે નગરપાલિકા અને કન્યા વિદ્યાલય અસ્તાન ખાતે તાલુકા અને જિલ્લા પંચાયતની મતગણતરી થવાની છે. બંને સ્ટ્રોંગ રૂમ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત મૂકી દેવામાં આવ્યો છે. આવતીકાલે થનારી મત ગણતરી માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. બંને મતગણતરી સ્થળ પર મંડપ અને લાઉડ સ્પીકર લગાવવામાં આવ્યાં છે, જેમાં દરેક રાઉન્ડ દીઠ પરિણામ જાહેર કરવામાં આવશે. બારડોલીની જિલ્લા અને તાલુકા તેમજ નગરપાલિકામાં કોંગ્રેસ અને ભાજપા ઉપરાંત આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ હતો. ત્યારે મંગળવારના રોજ જાહેર થનાર પરિણામ કોના તરફી રહે છે તે સ્પષ્ટ થઈ જશે.

વ્યારા નગર પાલિકામાં આજે 43 ઉમેદવારનું ભાવિ ખૂલશે

તાપી જિલ્લામાં 501 ઉમેદવારના રાજકીય ભાવિનો નિર્ણય થશે

અલગ અલગ 8 કેન્દ્રમાં કુલ 170 ટેબલ ઉપર મત ગણતરી હાથ ધરાશે

સોનગઢ અને ઉકાઈમાં આજે સવારે 9 વાગ્યે મત ગણતરી હાથ ધરાશે

સોનગઢ: સોનગઢ અને ઉકાઈ પંથકમાં તાજેતરમાં યોજાયેલી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનાં પરિણામોને લઈ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આજે સવારે 9 વાગ્યાથી મત ગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેમાં ઉમેદવારોના ભાવીનો ફેંસલો થશે. આ માટે ઉકાઈ ખાતે જીવન સાધના વિદ્યાલય અને સોનગઢ ખાતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજને સત્તાવાર મતગણતરી કેન્દ્ર તરીકે જાહેર કરવામાં આવ્યાં છે. ઉકાઈ કેન્દ્ર ખાતે તાલુકા પંચાયતની કુલ 16 બેઠકો માટે 9 ટેબલ પર ગણતરી થશે. જ્યારે જિલ્લા પંચાયતની 3 બેઠક (સાત કાશી, ઘર્જંબા અને ગુણસદા) માટે 8 ટેબલની વ્યવસ્થા કરવામાં આવી છે. સોનગઢ કેન્દ્ર ખાતે સોનગઢ તાલુકા પંચાયતની 18 બેઠકો માટે કુલ 18 ટેબલો (9+9) પર ગણતરી હાથ ધરાશે. જિલ્લા પંચાયતની 4 બેઠકો (ડોસવાડા, રાણી અંબા, અમલગુંડી અને ટોકરવા-સેગુપાડા) માટે 11 ટેબલ ફાળવવામાં આવ્યા છે. સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે તંત્ર દ્વારા બંને કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ઈવીએમમાં કેદ ઉમેદવારોનાં ભાગ્યનો ફેંસલો બપોર સુધીમાં સ્પષ્ટ થઈ જશે, જેના પર સૌની નજર ટકેલી છે.

વ્યારા: તાપી જિલ્લામાં આજે વ્યારા નગરપાલિકા સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની કુલ 178 બેઠક પર ગત 26મીએ યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર થશે. જિલ્લામાં તમામ આઠેય તાલુકા મથકે સવારે 8 વાગ્યાથી તબક્કાવાર મત ગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં વ્યારા નગર પાલિકા સહિત વ્યારા તાલુકાની જિલ્લા પંચાયતની 5 બેઠક તેમજ વ્યારા તાલુકા પંચાયતની કુલ 20 બેઠકની મત ગણતરી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વ્યારા ખાતે હાથ ધરવામાં આવશે. જ્યારે ડોલવણ તાલુકાની જિલ્લા પંચાયતની 3 અને તાલુકા પંચાયતની 16 બેઠકની મતગણતરી ડોલવણ તાલુકા સેવા સદન ખાતે, વાલોડમાં જિલ્લા પંચાયતની 3 અને તાલુકા પંચાયતની 16 બેઠકની મત ગણતરી શ્રી સ.ગો હાઈસ્કૂલના પ્રાર્થના ખંડમાં, સોનગઢમાં તાલુકા પંચાયતની 18 અને જિલ્લા પંચાયતની 3 બેઠકની મત ગણતરી સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ સોનગઢ ખાતે, ઉકાઈની જિલ્લા પંચાયતની 3 અને તાલુકા પંચાયતની 16 બેઠકની મતગણતરી જીવન સાધના હાઈસ્કૂલ ઉકાઈ ખાતે, ઉચ્છલમાં તાલુકા પંચાયતની 16 અને જિલ્લા પંચાયતની 3 બેઠકની મત ગણતરી સાર્વજનિક હાઇસ્કૂલ ઉચ્છલ ખાતે, નિઝર અને કૂકરમુંડા જિલ્લા પંચાયતની 6 અને તાલુકા પંચાયતની 15 બેઠકની મતગણતરી આર.જી. પટેલ વિદ્યાલય નિઝર અને કુકરમુંડા તાલુકા પંચાયતની 16 બેઠકની મતગણતરી કુકરમુંડા આઈ.ટી.આઈ ખાતે હાથ ધરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત 26 મી એપ્રિલે જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. ત્યારે જિલ્લા પંચાયતની કુલ 26 બેઠક પર 79.57 ટકા મતદાન થયું હતું. તેમજ જિલ્લામાં કુલ 8 તાલુકાની કુલ 133 બેઠક પર 79.68 ટકા મતદાન થયું હતું. જ્યારે વ્યારા નગર પાલિકામાં 5 વોર્ડની 19 બેઠક પર 72.23 ટકા મતદાન નોંધાયું હતું. જિલ્લામાં મોટા ભાગની બેઠક પર ક્રોશ વોટિંગ થયું હોવાની પણ ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે આજે મત ગણતરી દરમિયાન જિલ્લા-તાલુકા પંચાયત સહિત વ્યારા નગર પાલિકાની કેટલીક બેઠક પર આશ્ચર્યજનક પરિણામ આવે તેવી પણ પ્રબળ શક્યતા રહેલી છે.

માંડવી નગરપાલિકામાં વોર્ડ નં.૬માં સૌથી વધુ ૮૨.૨૦% મતદાન નોંધાયું

આજે મંગળવારે મત ગણતરી બાદ ચિત્ર સ્પષ્ટ થઈ જશે

હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરપાલિકાના કુલ ૬ વોર્ડ માટે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સરેરાશ ૭૪.૧૦ ટકા જેટલું નોંધપાત્ર મતદાન નોંધાયું છે. અનેક વિસ્તારોમાં ઉમેદવારો વચ્ચે ભારે રસાકસીનો માહોલ જોવા મળ્યો હતો, ત્યારે કોના શિરે તાજ બેસશે તેનું ચિત્ર આજે મંગળવારે મતગણતરી બાદ સ્પષ્ટ થઈ જશે.

ચૂંટણી વિભાગના આંકડા અનુસાર નગરપાલિકાના છએ છ વોર્ડમાં મતદારોએ જાગૃત નાગરિકની ફરજ નિભાવી હતી, જેમાં વોર્ડ નંબર ૬ ના મતદારોએ સૌથી વધુ ઉત્સાહ દર્શાવતા ૮૨.૨૦% મતદાન કર્યું હતું, જ્યારે સૌથી ઓછું મતદાન વોર્ડ નંબર ૧ માં (૬૧.૯૫%) નોંધાયું છે. વોર્ડવાર મતદાનના આંકડાઓ પર એક નજર કરીએ તો વોર્ડ નં. ૧: કુલ ૧૭૫૩ (પુરુષ-સ્ત્રી) મતદારોમાંથી ૧૦૮૬ જણે મતદાન કરતા ૬૧.૯૫%, વોર્ડ નં. ૨: કુલ ૨૪૪૮ મતદારોમાંથી ૧૯૨૭ લોકોએ મતાધિકારનો ઉપયોગ કરતા ૭૮.૭૨%, વોર્ડ નં. ૩: કુલ ૧૯૨૫ મતદારો સામે ૧૩૯૬ મતો પડતાં ૭૨.૫૨% મતદાન, વોર્ડ નં. ૪: કુલ ૨૩૨૩ મતદારોમાંથી ૧૭૪૯ મતદારોએ મતદાન કરતાં આંકડો ૭૫.૨૯%એ પહોંચ્યો હતો. વોર્ડ નં. ૫: કુલ ૨૪૧૯ મતદારોમાંથી ૧૭૫૫ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા ૭૨.૫૫%, વોર્ડ નં. ૬: આ વોર્ડમાં મતદારોમાં સૌથી વધુ જાગૃતિ જોવા મળી હતી. કુલ ૧૯૭૩ મતદારોમાંથી ૧૬૦૨ મતદારોએ લોકશાહીના પર્વમાં ભાગ લેતા સૌથી વધુ ૮૨.૨૦% મતદાન થયું હતું. આમ, તમામ વોર્ડ મળીને કુલ સરેરાશ ૭૪.૧૦% જેટલું જંગી મતદાન થતાં રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોના જીવ તાળવે ચોંટ્યા છે. ભારે મતદાનના કારણે કોને ફાયદો થશે અને કોને નુકસાન, તેની અટકળો વચ્ચે આજે મતગણતરી શરૂ થતાં જ ઉમેદવારોનાં ભાવિનો ફેંસલો થશે.

ઓલપાડ તા.પં.ની ૧૧ અને જિ.પં.ની ૨ સીટના ઉમેદવારોનો આજે ફેંસલો

સૌથી ઓછું મતદાન તા.પં.ની કીમ-૨ સીટનું ૪૮.૯૬ ટકા અને સૌથી વધુ સાંધીએર સીટનું ૭૪.૫૦ ટકા

સાયણ: ઓલપાડ તા.પં.ની સામાન્ય ચૂંટણીમાં બાકી રહેલ ૧૧ સીટનું સવારે ૭થી સાંજે ૬ કલાક દરમિયાન સરેરાશ ૬૮.૨૫ ટકા મતદાન નોંધાયું હતું.

જ્યારે તાલુકામાં સમાવિષ્ટ જિ.પં.ની બાકી રહેલ બે સીટ પૈકી ઓલપાડ સીટનું ૬૮.૪૬ ટકા અને પિંજરત સીટનું ૬૭.૭૧ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું મતદાન તા.પં.ની કીમ-૨ સીટનું ૪૮.૯૬ ટકા અને સૌથી વધુ મતદાન સાંધીએર સીટ ઉપર ૭૪.૫૦ ટકા નોંધાયું હતું.

જે મતોની ગણતરી આજે મંગળવારે ઓલપાડ કોલેજ ખાતે હાથ ધરાશે. ભાજપ-કોંગ્રેસ અને 'આપ'ના ઉમેદવારોના ઈ.વી.એમ. મશીનમાં કેદ થયેલા રાજકીય ભાવિનો ફેંસલો થશે. ઓલપાડ તા.પં.ની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કુલ ૨૪ સીટ પૈકી ૧૩ સીટ અને તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની પાંચ પૈકી ત્રણ સીટ બિનહરીફ થઈ હતી. જ્યારે બાકી રહેલી તા.પં.ની ૧૧ સીટ ઉપર રવિવારે યોજાયેલા મતદાન મુજબ ૧૧ સીટ ઉપર કુલ ૨૩,૭૧૦ પુરુષ તથા ૨૨,૩૩૪ સ્ત્રીઓ મળી કુલ ૪૬,૦૪૪ મતદારોએ સરેરાશ ૬૮.૨૫ ટકા મતદાન કર્યું હતું. જે પૈકી ઓલપાડ-૧ માં ૬૫.૨૪ ટકા, ઓલપાડ-૨માં ૭૩.૧૮ ટકા,મોર-૭૨.૮૭ ટકા, સાંધીએર-૭૪.૫૦ ટકા, સિવાણ-૬૮.૮૬ ટકા, કીમ-૨ સીટનું ૪૮.૯૬ ટકા, મુળદ-૬૫.૮૩ ટકા, કરંજ-૭૦.૨૨ ટકા, સરસ-૬૯.૦૬ ટકા, દાંડી-૬૪.૦૧ ટકા અને ટકારમા સીટ ઉપર ૭૪.૧૬ ટકા મતદાન નોંધાયું હતું.

બગુમરામાં વાહનની ટક્કરે મહિલાનું મોત

પલસાણા: મૂળ ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાના અને હાલ પલસાણાના દસ્તાન ગામે દસ્તાન રેસિડેન્સીમાં રહેતા બિમલેશદેવી રાકેશકુમાર રામદત્ત પાંડે રવિવારે સવારે બગુમરા ખાતે આવેલી નિર્વા ફૂડ કંપનીમાં કામ કરવા જઈ રહ્યા હતા ત્યારે રોડ ક્રોસ કરતી વખતે આવી વાહન અડફેટે ઘાયલ થતાં સારવાર અર્થે સંજીવની હોસ્પિટલમાં ખસેડાયાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

ચોરવાડ ગામે ત્રિપલ સવારી બાઈકને અકસ્માત: બેનાં મોત

સાગબારાના યુવક અને કિશોરીએ જીવ ગુમાવ્યો, એક યુવતી દાખલ

સોનગઢ: સુરત-ધુલિયા નેશનલ હાઈવે નંબર ૫૩ પર આજે વહેલી સવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કોઈ અજાણ્યા વાહનચાલકે મોટરસાઈકલને અડફેટે લેતાં સાગબારાના યુવક અને ૧૬ વર્ષીય કિશોરીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક યુવતીને ગંભીર હાલતમાં સારવાર માટે સુરત ખસેડવામાં આવી છે.

સાગબારાના બદલાવ ગામના વનકરભાઈ વસાવાનો પુત્ર અરવિંદભાઈ (ઉ.વ.૨૮) સુરત ખાતે હોટલમાં મજૂરીકામ કરતો હતો. રવિવારે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યાના સુમારે તે પોતાની યુનિકોર્ન મોટરસાઈકલ નં.(GJ-26-AG-2805) પર બે યુવતી સાથે સોનગઢ તરફ આવી રહ્યો હતો. દરમિયાન ચોરવાડ ગામની સીમમાં રાજુભાઈની હોટલ પાસે કોઈ અજાણ્યા વાહનચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી અને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. આ ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ચાલક અરવિંદ વસાવા અને પાછળ બેસેલી મહુપાડા ગામની પ્રતિજ્ઞાબેન દિલીપભાઈ વસાવા (ઉ.વ.૧૬)ના શરીરે ગંભીર ઈજા થતાં બંનેનાં સ્થળ પર જ મોત નીપજ્યાં હતાં. બાઈક પર સવાર અન્ય એક યુવતી વૈશાલીબેન ગંભીર રીતે ઘાયલ થતાં તેને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સોનગઢ પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. વહેલી સવારે પોલીસનો ફોન આવતાં મૃતક અરવિંદના પિતા અને પરિવારજનો સોનગઢ દોડી આવ્યા હતા. યુવાન પુત્રના મોતના સમાચારથી પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. હાલમાં સોનગઢ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કાળી વિદ્યાના વહેમમાં ભાઈએ ભાઈને મોતને ઘાટ ઉતાર્યો

નાંદોદના ભુછાડ ગામે બનેલી ઘટના

બે ભત્રીજીને પણ ધારિયાના ઘા કર્યા, બંને સારવાર હેઠળ

રાજપીપળા: ભુછાડ ગામે મતદાનના દિવસે બે સગા ભાઈઓ અને ભત્રીજીઓ વચ્ચે ઝઘડો થતાં ગુસ્સામાં આવી એક ભાઈએ બીજા ભાઈને ધારિયું મારી દેતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

જ્યારે તેની ભત્રીજીઓને પણ હાથ અને માથા ભાગે ધારિયું મારતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસે આરોપીને ઝડપી હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નાંદોદના ભુછાડ ગામે ભવાની ફળિયામાં રહેતા રમેશ બારભાઈ વસાવા અને તેના નાના ભાઈ ગુરજી બારભાઈ અને મોટાભાઈ વિઠ્ઠલની બે દીકરી સાવિત્રી અને શિલ્પા સાથે ઝઘડો થયો હતો. કાળી વિદ્યા કરતા હોવાનો વહેમ રાખી રમેશ બારભાઈ વસાવા રાખતો હોય, જે વહેમને લઈને ઝઘડો થયો હતો, જેમાં ઘરમાંથી ધારિયું લઈને રમેશ બારભાઈ વસાવાએ દુકાને ચા-ખાંડ લઈને આવતા ગુરજી વસાવાને ગરદનના ભાગે ધારિયું મારી ત્યાં જ પાડી દીધો હતો.

આ બનાવમાં ઘટના સ્થળે જ ગુરજી વસાવાનું મોત નીપજ્યું હતું. જ્યારે સાવિત્રીબેનને માથા અને શિલ્પાબેનને હાથના ભાગે ધારિયું મારતાં બંને બહેનોને ગંભીર ઈજા પહોંચી હતી.

આથી તેને તાત્કાલિક રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

કારેલી ગામે રવિવારી બજારમાં યુવકની હત્યા: ત્રણ ફરાર

'પ્રિતમ કોણ છે?' પૂછી અજાણ્યાએ ચપ્પુના ઘા ઝીંકી દીધા

પલસાણા: પલસાણાના કારેલી ગામે રવિવારી હાટ બજારમાં પ્રિતમ કોણ છે? પૂછી ૨૦ વર્ષીય યુવકની ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. આ બનાવમાં યુવકને હોસ્પિટલ ખસેડાયો હતો. પરંતુ જીવ બચાવી શકાયો ન હતો.

મૂળ મધ્યપ્રદેશ અને હાલ ભરવાડ ચાલની પાછળ આવેલી ૧૧૨/શિવમ સોસાયટીમાં રહી શાકભાજીનો વ્યવહાર કરતાં પ્રિતમગીરી લવકુશગીરી નામના યુવક પર ત્રણ અજાણ્યા હુમલાખોરોએ જીવલેણ હુમલો કર્યો હતો. ગઈકાલ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ રાત્રે આશરે પોણા નવ વાગ્યાના સુમારે પ્રિતમગીરી અને તેના મિત્રો કારેલી-દસ્તાન રોડ પર ભરાતી હાટ બજારમાં પોતાની દુકાન વધાવી રહ્યા હતા, ત્યારે અચાનક ૨૦થી ૨૫ વર્ષની વયના ત્રણ અજાણ્યા ઈસમો ત્યાં ધસી આવ્યા હતા. હુમલાખોરોએ 'પ્રિતમ કોણ છે?' તેમ પૂછી ઓળખ મળતાની સાથે જ ચપ્પુ વડે પ્રિતમ પર તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ પ્રિતમની છાતી, પેટ અને બરડાના ભાગે ઉપરાઉપરી ચપ્પુના ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે લોહીલુહાણ થયેલા પ્રિતમને તેના મિત્રો તાત્કાલિક બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બ્રિજેશ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ પલસાણા પોલીસે ત્રણ અજાણ્યા શખ્સ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ હુમલો કોઈ જૂની અદાવતમાં થયો છે કે અન્ય અગમ્ય કારણોસર એ દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

રસ્તામાં ભૂંડ આવતાં બાઈક પરથી પટકાયેલા એકનું મોત

નિહાલીનો દિશાંત પટેલ કાની ખાતે ચૂંટણીમાં ફરજ બજાવતો હતો, બાઇક પર જતી વેળા બનેલી ઘટના

અનાવલ: મહુવા પોલીસ મથકમાં જી.આર.ડી. (GRD) તરીકે ફરજ બજાવતા એક યુવાનનું માર્ગ અકસ્માતમાં અકાળે અવસાન થયું છે. ગત રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની ફરજ પૂર્ણ કરી મોટરસાઇકલ પર ઘરે પરત ફરી રહેલા જવાનને રસ્તામાં ભૂંડ અથડાતાં ગંભીર ઈજા પહોંચી હતી, જે તેમના માટે જીવલેણ સાબિત થઈ હતી.

મહુવા તાલુકાના નિહાલી ગામના વતની દિશાંત ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ.34) છેલ્લાં ચાર વર્ષથી મહુવા પોલીસ મથકમાં જી.આર.ડી. તરીકે સેવા આપતા હતા. ચાલુ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન તેમની ફરજ કાની ગામના મતદાન મથક પર રાખવામાં આવી હતી. 26મી તારીખે રાત્રે આશરે સવા નવ વાગ્યે પોતાની ફરજ પૂરી કરી તેઓ પોતાની મોટરસાઇકલ નં.(GJ 21 AM 5640) પર ઘરે પરત ફરી રહ્યા હતા. મહુવા-નવસારી રોડ પર ફૂલવાડી ગામ પાસે અચાનક એક ખેતરમાંથી દોડી આવેલા ભૂંડે બાઈકને અડફેટે લીધી હતી. આ અથડામણમાં દિશાંતભાઈ રોડ પર પટકાતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે મહુવા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક દિશાંતભાઈ પોતાના સંયુક્ત પરિવાર સાથે રહેતા હતા અને તેમને બે નાની દીકરી છે. પિતાની છત્રછાયા ગુમાવતા માસૂમ પુત્રીઓ અને પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ ઘટનાથી મહુવા પોલીસ બેડામાં પણ ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે . મહુવા પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પુસ્તકો અને યુનિફોર્મ વિતરણના બહાને ગેરકાયદે શૈક્ષણિક વેપલો

વેકેશનમાં પણ શાળાઓનાં 'વર્કિંગ ડે': નિયમોનું સરેઆમ ચીરહરણ

CMને સંબોધી વ્યારાના રહીશોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

વ્યારા: રાજ્યમાં વિવિધ ખાનગી, ગ્રાન્ટેડ તેમજ સરકારી શાળાઓ દ્વારા રાજ્ય સરકાર અને શૈક્ષણિક બોર્ડ દ્વારા જાહેર કરાયેલા શૈક્ષણિક કેલેન્ડર અને લાગુ કાયદાઓનું ઉલ્લંઘન થતું હોવાથી મે મહિનામાં ભારે ગરમી અને તાપમાન વચ્ચે પણ વિદ્યાર્થીઓને રજા આપવામાં આવતી નથી. ત્યારે મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓમાં વેકેશન દરમિયાન પણ ગેરકાયદે રીતે શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવતું હોય છે અને વિદ્યાર્થીઓને શાળામાં બોલાવી પુસ્તકો, યુનિફોર્મનું વિતરણ કરવામાં આવે છે. જેને લઈને રાજ્યમાં ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન એક્ટ - 1972 મુજબનાં નિયમોનું પાલન જ થતું નથી. ત્યારે શૈક્ષણિક કેલેન્ડર વર્ષમાં ઉનાળુ વેકેશનનું ફરજિયાત રીતે અમલ ન કરાતાં ઉનાળામાં પડતી તીવ્ર ગરમીમાં વિદ્યાર્થીઓના આરોગ્ય પર જોખમ ઊભું થઈ રહ્યું છે. રાજ્યમાં મે મહિનામાં ફરજિયાત ઉનાળુ વેકેશનનો અમલ ન કરતી શાળાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે વ્યારાના જાગૃત નાગરિકોએ ગતરોજ રાજ્યના મુખ્યમંત્રીને સંબોધીને તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

બારડોલીની હોટલમાં શ્રમિકનું મોત

બારડોલી: મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી અને હાલ બારડોલીના તેન ગામમાં આવેલી નેચરપીક હોટલના રૂમ નં.૫માં રોકાયેલા મનીષકુમાર શ્રીરામ ગૌડ (ઉ.વ. ૩૨)ને ગઈકાલે સવારથી જ છાતીમાં સામાન્ય દુખાવો જણાઈ રહ્યો હતો. આથી તેઓ રૂમમાં આરામ કરી રહ્યા હતા. જો કે, બપોરે દુખાવો અસહ્ય બનતાં બારડોલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મનીષકુમારને મૃત જાહેર કર્યા હતા.

અસલ દસ્તાવેજ, ઈન્ડેક્ષ-૨ તથા રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર.આર.) લેખ ગુમ થયા અંગેની

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, અડાજણ સબ-ડીસ્ટ્રીક્ટ, શહેર સુરતના વધારાના વિસ્તાર મોજે : છાપરાભાઠાના રે.સ.નં.૯૧/૧ થી ૯૧/૬ તથા રે.સ.નં.૧૦૪/૨ થી ૧૦૪/૪ જેનો બ્લોક નં.૧૩૨-બ+૧૬૫, ટી.પી.સ્કીમ નં.૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) લાગુ પડતા ફા.પ્લોટ નં.૮૩ બીનખેતીની જમીનમાં આયોજીત "આમ્રકુંજ સોસાયટી" નામની સોસાયટી રહેઠાણના હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટ નંબર : ૪૪ વાળી મિલકત મારા અસીલ સુભાષ બાલુભાઈ રાઠોડની માલીકીની ચાલી આવેલ. સદર મીલકત તેના માલીક રાજુભાઈ ધનજીભાઈ પિત્રોડા કનેથી રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૯૪૪૯ તા.૦૯/૧૦/૨૦૨૩ થી વેચાણ રાખેલ હતી. જે મિલકતના અગાઉના અસલ ઓરીજનલ દસ્તાવેજ નં.૧૧૬૩ તા.૨૯/૦૧/૨૦૧૦ તથા બીનઅવેજી / બક્ષીસ દસ્તાવેજ અસલ ઓરીજનલ દસ્તાવેજ નં.૮૯૨૭ તા.૧૯/૦૬/૨૦૧૦ કે જે ડાહ્યાભાઈ ભગુભાઈ પટેલના નામે હતા તે બંને અસલ દસ્તાવેજ, અસલ ઈન્ડેક્ષ-૨, અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટો (આર.આર.) ક્યાંક ગુમ/ગેરવલ્લે થઈ ગયેલ છે, જે ઘણી શોધખોળ કરવા છતાં આજરોજ સુધી મળી આવેલ નથી. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મીલકતમાં જો કોઈપણ વ્યક્તિ, સંસ્થા, પેઢી, શાહુકારી પેઢી, પ્રાઈવેટ સેક્ટર કે બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, હિસ્સા અધિકાર, ચાર્જ, બોજા પહોંચતા હોય તો તેવી વ્યક્તિ, સંસ્થા યા બેંકે આ નોટીસ સિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહીત અમોને રૂબરૂ મળવુ.

મારી સુચનાથી... સુભાષ બાલુભાઈ રાઠોડ

ઠે.૧૬૧-૧૬૨, કેદાર બિઝનેશ સેન્ટર, બાપાસીતારામ ચોક, ડભોલી રોડ, કતારગામ, સુરત. મો.નં. ૯૦૯૯૧ ૦૧૬૩૨

નિતેશ યુ. વ્યાસ
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ અઠવા તાલુકાના, મોજે ગામ : મોટાવરાછા રે.સ. નંબર : ૧૯૫/૧, બ્લોક નંબર : ૧૯૩, વાળી બિનખેતીની જમીન, જે ટી.પી.સ્કીમ નંબર : ૨૪ (મોટાવરાછા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૫૩ વાળી બિનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ ॥ શિવનગર સોસાયટી ॥ ના નામથી ઓળખાતી સોસાયટીમાં રહેણાંક હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી બુકીંગ પ્લોટ નંબર : ૮૪, જેનો પાર્સીંગ પ્લાન મુજબ પ્લોટ નંબર : એ/૫૪ થી નોંધાયેલ બાંધકામવાળી મિલકત લાભુબેન ધનજીભાઇ હિરપરાની સ્વતંત્ર માલીકી, કબ્જા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે, તેઓ સદરહુ મિલકત ચોખ્ખા/માર્કેટેબલ ટાઇટલવાળી તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે. અને અમારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ બાંધકામવાળી મિલકત અંગેના પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ બાંધકામવાળી મિલકત ઉપર વારસદારો, વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઇના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, ક્લેઇમ, જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વગેરે હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ ની મુદતમાં પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે/વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ ક્લેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના ક્લેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા, બેંક કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઉભા કરવામાં કે કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સરનામું : ઓફિસ નંબર ૭૦૧, સરથાણા બીઝનેસ હબ, નિર્મળનગર સોસાયટીની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત. મો. ૯૯૦૪૨-૪૩૯૦૦

મહેન્દ્ર જી. સવાણી
રક્ષા કે. ગોટી
(એડવોકેટ & નોટરી)
તે ખરીદનારના એડવોકેટ્સ

જાહેર ચેતવણી

મર્હુમ કુલદીપસિંઘ સલુજા તથા તેમના ભાઈઓ નામે મહેન્દ્રસિંઘ સલુજા અને ઈકબાલસિંઘ સલુજા સાથે મળીને ધંધો કરતા આવેલા અને તે દરમ્યાન અલગ - અલગ કંપની / પેઢી બનાવી તેવી કંપની / પેઢીના નામે કે ત્રણેય ભાઈઓના નામે કે તેમના એચયુએફના નામે કે પરિવારના અલગ અલગ સભ્યોના નામે અલગ અલગ જમીન - મિલકતો ખરીદ કરવામાં આવેલી. મર્હુમ કુલદીપસિંઘ સલુજાના અવસાન બાદ તેમના વારસો નામે વિધવા પરમજીતકૌર કુલદીપસિંઘ સલુજા, પુત્રો અમનદીપ સલુજા, સરબજીતસિંઘ સલુજા, યશપ્રિતસિંઘ સલુજા, જશપ્રિતસિંઘ સલુજા અને તેમના પરિવારના સભ્યો સાથે ઉપર મુજબ અલગ અલગ નામે ધારણ કરેલી મિલકતોની વહેંચણ બાબતે લેખિત ફેમિલી સેટલમેન્ટનો લેખ કરવામાં આવેલો અને તેમાં મહેન્દ્રસિંઘ સલુજા અને ઈકબાલસિંઘ સલુજા અને તેમના પરિવારના સભ્યો સામેલ થયેલા. મજકુર સમજુતી અનુસાર તમામ મિલકતો, ગમે તે નામે હોય, સંયુકત માલિકીની ગણવામાં આવેલી અને તેમાં કુલદીપસિંઘ સલુજા પરિવારનો એકંદરે ૫૦% હિસ્સો ગણવામાં આવેલો અને મહેન્દ્રસિંઘ સલુજા પરિવાર તથા ઈકબાલસિંઘ સલુજા પરિવાર દરેકનો ૨૫% હિસ્સો નક્કી થયેલો. મજકૂર કૌટુંબિક સમજુતી, રજીસ્ટર્ડ દસ્તાવેજ સ્વરૂપે કબુલ પણ કરવામાં આવેલી છે અને તેનો અંતઃ અમલ પણ થયો છે. તેમ છતાં કેટલીક મિલકતો બાબતે કુલદીપસિંઘ પરિવારના સભ્યો તરફથી સહકાર ન મળવાથી તે બાબતે નિવૃત્ત હાઈકોર્ટ જજ સોનિયાબેન ગોકાણી સમક્ષ લવાદી પ્રકરણ ચાલુ છે. હાલમાં અમને મળેલી માહિતી પ્રમાણે અમનદિપ સલુજા અને સરબતજીતસિંઘ સલુજા શહેર સુરતના મજુરા વિસ્તારમાં આવેલી ટી.પી. સ્કીમ નં.૯ ના ફાયનલ પ્લોટ નં.૬૨/એ/૧ થી ૬૨/એ/૯ (નવો ફા. પ્લોટ નં.૫૫/ડી) વાળી બિનખેતી જમીનો ઉપર આયોજીત "સુભાષનગર કો.ઓ.હા.સો.લી." ની વસાહતના "પ્લોટ નં. ૪૧ તથા ૪૬" વાળી મિલકતો કે જેને સીટી સર્વે રેકર્ડ મુજબ વોર્ડ મજુરાના સીટી સર્વે નં. ૫૫૭ તથા ૫૬૨ તરીકે ઓળખવામાં આવે છે તે પ્લોટવાળી જમીન તથા તે ઉપર આવેલ અમલાની વ્યવસ્થા કરી રહ્યા છે કે તેમ કરવાનો પ્રયત્ન કરે છે. સબબ, તેમનુ કૃત્ય ગેરકાયદેસર છે અને ફોજદારી ગુનાને પાત્ર છે. સદરહુ પ્લોટ ઉપર આવેલ અમલાનુ બાંધકામ અમો નીચે સહી કરનારે કરેલુ હોવાથી તે મિલકતમાં અમારો કાયદેસરનો માલિકી હકક ચાલી આવેલો છે અને કૌટુંબિક સમજુતીનો લેખ થયો ત્યારબાદ અમારી સંમતી વગર કોઈપણ મિલકતની હરકોઈ પ્રકારે કોઈપણ પક્ષકાર એકતરફી વ્યવસ્થા કરી શકે નહિં તેવી કબુલાત થયેલી છે. સબબ જાહેર જનતાને આથી ચેતવણી આપી જણાવવાનું કે, તેઓ પાસેથી સદરહુ મિલકત કોઈએ વેચાણ રાખવી નહિં કે તે બાબતે સાટાખત, કબજા રસીદ કે અન્ય પ્રકારના લખાણ કરવા નહિં, કે અવેજ કે બાનાની ચુકવણી કરવી નહિં. આ ચેતવણી છતાં જો કોઈ આ મિલકત બાબતે તેઓ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે ગેરકાયદેસર ગણાશે અને તે અમને બંધનકર્તા રહેશે નહિં અને તેવો વ્યવહાર કરનારને કાયદેસર કબજો મળશે નહિં અને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહિં અને તેમ છતાં જો કોઈપણ વ્યવહાર કરવામાં આવશે તો તે વ્યવહાર ગુનાહિત ઈરાદે એકબીજાના મેળાપીપણામાં કરેલ હોવાનુ ગણાશે અને તે બાબતે અમો તેઓની વિરૂધ્ધમાં ફોજદારી તેમજ સીવીલ રાહે કાયદેસરની કાર્યવાહી કરીશુ તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સહી /-
ઈકબાલસિંઘ સલુજા
ઠેકાણું : બંગલો નં. ૪૨/૪૫, સુભાષનગર સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત.
અમારી મારફત

જે. પી. દેસાઈ (એડવોકેટ)
ઠેકાણું : ૨૦૧, ૨૦૨, હસાનંદ કોમ્પલેક્ષ, નાનપુરા, સુરત. (મો. ૯૯૭૯૩૭૬૩૭૬)

મહર્ષિ હિતેશ લાયવાલા (એડવોકેટ)
ઠેકાણું : ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.